સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૨-૧૦-૯૮ના
રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

*************

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૮-૮-૯૮ના પત્ર નં.સીમીસ/૮/૨૩થી વિદિત થઈ, તેમજ આ કામને લગતી જગ્યા સમિતિએ તા.૮-૧૦-૯૮ના રોજ જોઈ ઉક્ત પત્રમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી સાથે વિસ્તૃત ચર્ચા વિચારણા કર્યા બાદ, નગર રચના યોજના નં.૩૫(કતારગામ)ની મુસદારુપ નગર રચના યોજના તૈયાર કરવા નીચે જણાવેલ સુધારાઓ સાથે ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ અને તેના નિયમો-૧૯૭૯ની જોગવાઈ મુજબ આ નગર રચના યોજનાને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવાની મંજુરી આપવાનું તથા સરકારશ્રીમાં જરુરી પત્રવ્યવહાર કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

***** સુ ધા રા ઓ ****

૧. મોજે કતારગામ રે.સ.નં.૪૩ મૂળ પ્લોટ નં.૩૩માંથી પશ્ચિમ દિશામાં ''આર-૧૨'' ''કોમર્શીયલ સેન્ટર''ના હેતુ માટે રીઝર્વેશન સ્થિત કરેલ છે. જેમાં સામેલ નકશા મુજબ ''કોમર્શીયલ સેન્ટર'' ના રીઝર્વેશનમાં ફેરફાર કરી તેને આનુસાંગિક ફાયનલ પ્લોટ નં.૩૩ના ક્ષેત્રફળમાં ફેરફાર કરવો.

૨. મોજે કતારગામ, રે.સ.નં.૪૬ મૂળ પ્લોટ નં.૩૭ની ઉત્તરે સ્થિત ''આર-૧૧'' લોકલ કોમર્શીયલનું રીઝર્વેશન દુર કરી સામેલ સ્કેચ મુજબ મૂળ ખંડ નં.૭૧ માં દક્ષિણે ''આર-૧૧'' લોકલ કોમર્શીયલના રીઝર્વેશન જેટલું ક્ષેત્રફળમાં આર-૧૩ ગાર્ડનના રીઝર્વેશનમાં આમેજ કરવું તથા તેને આનુસાંગિક ફાયનલ પ્લોટ નં.૩૭ તથા ૩૬ તથા રીઝર્વેશન આર-૧૩ ગાર્ડનના ક્ષેત્રફળમાં ફેરફાર કરવો.

<u>ઠરાવ નં.૮૭/૯૮ સર્વાનુમતે મંજુર.</u>

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા ૧૩-૧૦-૯૮